NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા,નવસારી

## –:: પરિપત્ર ::–

નવસારી કૃષિ યુનિવર્સિટીના અધિકારીશ્રી/ કર્મચારીઓને રહેઠાણની સુવિધા મળી રહે તે માટે મુખ્ય કેન્દ્ર તથા પેટા કેન્દો ઉપર ઉપલબ્ધ હોય તે પ્રમાણમાં કવાર્ટરની ફાળવણી કરવામાં આવે છે. અને જે કર્મચારીઓની બદલી થાય અથવા નિવૃત્ત થાય ત્યારે નિયત સમયમાં નિયમઅનુસાર આ કવાર્ટર ખાલી કરવાના થાય છે પરંતુ કેટલાક કિસ્સામાં જોવામાં આવ્યું છે કે કર્મચારીઓ નિવૃત્ત થયા બાદ ત્રણ–ત્રણ વર્ષ સુધી પણ કવાર્ટર ખાલી કરતા નથી. આમ યુનિવર્સિટીના કવાર્ટરમાં ગેરકાયદેસર કબજો રાખી વહીવટી મુશ્કેલી ઉભી કરે છે. આ પરિસ્થિતિ ને ધ્યાનમાં રાખી હવે પછી યુનિવર્સિટીનાં અધિકારી / કર્મચારીઓ વયનિવૃત્તિને કારણે નિવૃત્ત થાય ત્યારે પેન્શન પેપર રજુ કરતી વખતે કાર્યપાલક ઈજનેરશ્રી તરફથી નીચે દર્શાવ્યા મુજબનું No due સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

(૧) નિવૃત્ત થનાર કર્મચારીને કવાર્ટરની ફાળવણી કરવામાં આવી નથી તે બાબતનું પ્રમાણપત્ર

અથવા

(૨) કવાર્ટરની ફાળવણી કરવામાં આવી હોય તો નિવૃત્ત થયાના બે માસમાં કવાર્ટર ખાલી કરી આપવાની બાંહેધરી આપતું પ્રમાણપત્ર

ઉપરોકત વિગતને લગતું No due સર્ટીફીકેટ રજુ નહીં કરવામાં આવશે તો તે કર્મચારીઓના પેન્શન મંજુર કરવાની કાર્યવાહી કરવામાં આવશે નહીં જેની નોંધ લેવી.

કુલસચિવ

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ ૬૨૩૧-૬૦/૨૦૧૨
નવસારી, તા.૨૨/૦૫/૨૦૧૨

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂઃ–**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ / સબયુનિટ અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીઓ તરફ.

(૨) કુલસચિવશ્રીની રહસ્યસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.